# ધનવાન

## તો બનવું જ જોઈએ

---

**તમારો આ જ નિર્ણય તમને ધનવાન બનાવી શકે છે.**

---

ડૉ. જિતેન્દ્ર અઢિયા એમ.ડી.
દીપક ધાબલિયા

RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market. Off. C.G. Road,
Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393 • Mobile : 098259 25947
email : inforudrapublication@gmail.com
rudrapublication1@gmail.com
www.rudrapublication.com • Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**

# ધનવાન તો બનવું જ જોઈએ

ડૉ. જિતેન્દ્ર અઢિયા અને દીપક ધાબલિયા

**Copyright @ Dr. Jeetendra Adhia**

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

ISBN : 978-93-80420-22-6

3rd Edition : 26–01–2016

₹ **130/-**

: Design & Layout :

**Manu Patel**

7383968947

: Printing :

**Rudra Publication**

: Publisher :

**Adhia International**

Ahmedabad

www.adhiamindpower.com

## સપ્રેમ ભેટ

પ્રિય સ્વજનશ્રી..............................................

સર્જનહારે માણસના સર્જન સાથે તેનામાં ઘણી બધી ઇચ્છાઓ મૂકી છે, તેમાંની એક મહત્ત્વની અને પ્રબળ ઇચ્છા ધનવાન બનવાની છે. આપને પણ વધુ ધનવાન બનવાની ઇચ્છા હોય છે. આ ઇચ્છા પૂરી કરવા માટેનું માર્ગદર્શન આ પુસ્તક આપને પૂરું પાડશે તેવી અભ્યર્થના સાથે આપને આ પુસ્તક ભેટ આપું છું.

જરૂર વાંચજો.

સહી ......................................

તારીખ ......................................

સ્થળ ......................................

# ઋણસ્વીકાર

આ પુસ્તકને સદેહ સાકાર કરવામાં ઘણી બધી વ્યક્તિઓએ તેમનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપ્યો છે, જેમના અમે ઋણી છીએ. શ્રી મોહમ્મદ ઇલિયાસ ખાન, શ્રીમતી રૂપલ શાહ અને શિલ્પા પઢિયા જેમણે દરેક શબ્દને આકાર આપવામાં દિવસ-રાત મહેનત કરી છે.

રાજેશ સીંગન અને પીનલ ઠક્કર જેમને ધનવાનોની માહિતી એકઠી કરવા માટે તેમનો યથાયોગ્ય ફાળો આપેલો છે.

અમારા બંનેના કુટુંબના સભ્યો, ભાવના, નેહા, સ્નેહા, જિગ્ના, જાનવી, પ્રિયા, જિજ્ઞેશ, આરતી, સાક્ષી અને રૂપલ જેમણે અમારી બધી સગવડતા સાચવી અને પુસ્તક લખવાનું સારું વાતાવરણ પૂરું પાડ્યું.

**- ડૉ. જિતેન્દ્ર અઢિયા, દીપક ધાબલિયા**

# અર્પણ

મારા પિતા શ્રી જયંતીભાઈ અમરશી ધાબલિયા અને માતા રમાબહેન, જેમણે જીવનના દરેક તબક્કે મને ધનવાન બનવાનું પ્રોત્સાહન પૂરું પાડ્યું.

- દીપક ધાબલિયા

# ડૉ. જિતેન્દ્ર અઢિયાનો પરિચય



ગુજરાત રાજ્યના રાજકોટ જિલ્લાનાં વાકાનેર ગામે વીશીપરા જેવા પછાત વિસ્તારમાં ગરીબ મા-બાપના ત્યાં જન્મેલા ડૉ. જિતેન્દ્ર અઢિયાની જીવનની શરૂઆત ખૂબ જ કષ્ટદાયક અને સંઘર્ષમય રહી. તેમના પિતાશ્રી વાંકાનેરમાં રેલ્વે-સ્ટેશન પર ફ્રૂટ અને ચોકલેટ-પિપરમીટની છાબડી લઈ રેલ્વેના ડબ્બે-ડબ્બે ફરતા હતા. અને ત્યાર પછી ચંપલની લારી, શાકભાજીની લારી, એવાં અનેક કામો કરતા-કરતા તેમનાં ૬ ભાઈ-બહેન સાથેના કુટુંબને ચલાવતા હતા.

વાંકાનેરમાં તાલુકા શાળા નં. ૨માં ગુજરાતી માધ્યમમાં ૬ ધોરણ સુધી અભ્યાસ કરી રાજકોટ આવવાનું થયું. ઇન્ટર સાયન્સ સુધી ગુજરાતી મિડિયમમાં ભણ્યા પછી મેડિકલ કોલેજમાં ૧૯૬૯માં પ્રવેશ લીધો.

વર્ધા સેવાગ્રામ મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ. અને મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.ડી. કરી સાઉદી અરેબિયાની સરકારમાં મેડિકલ ડૉક્ટર તરીકે ઊંચા પગારની નોકરીએ ૧૯૮૫માં ગયા. તેમની ધનવાન બનવાની શરૂઆત સાઉદી અરેબિયાથી થઈ. ૧૯૯૧માં ભારત પાછા ફર્યા. અમદાવાદની મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં લેક્ચરર તરીકે જોડાયા.

મેડિકલ કોલેજની નોકરી દરમિયાન તેમને મનના વિષય પર વાંચવાનું, વિચારવાનું અને શીખવવાનું ચાલુ કરી દીધું હતું. તેમાંથી તેમના નવા વ્યવસાયની એટલે કે માઇન્ડ ટ્રેનર તરીકેની શરૂઆત થઈ. જોતજોતામાં તેમણે અલગ-અલગ વિષયો પર અસંખ્ય પુસ્તકો અને સીડી બહાર પાડી ખૂબ લોકચાહના મેળવી.

આ વિષય પર પ્રોગ્રામો આપવા માટે દુનિયાના લગભગ ૩૦થી વધુ દેશોનો પ્રવાસ કર્યો છે. વધુ ધનવાન બનવાનો તેમનો આ બીજો તબક્કો હતો. અત્યારે તેમની પાસે સુખસાહ્યબીની તમામ વસ્તુઓ છે. તેઓની ગણના અત્યારે કરોડપતિમાં થઈ રહી છે અને હવે તમારી સાથે અબજોપતિ બનવાની યાત્રા શરૂ કરી દીધી છે.

# દીપક ધાબલિયાનો પરિચય



સરસ્વતીમાતાના માનસરોવરના રાજહંસ શ્રી દિપક ધાબલિયા

આ જીવન અને જગતમાં, કેટલાક આંસુ પડાવે છે. કેટલાક આંસુ લૂછે છે... પરંતુ કેટલાક આંસુનું ફૂલમાં રૂપાંતર કરે છે.

આંસુનું ફૂલમાં રૂપાંતર કરનારા આવા વિરલા અને હિરલાઓમાં આલા દરજ્જાનું નામ છે શ્રી દીપક ધાબલિયા.

દીપકભાઈનો જન્મ જામનગર મુકામે શ્રી જયંતીભાઈ અમરશીભાઈ ધાબલિયાને ત્યાં ૧૯૭૦ના રોજ થયો. એમનો ઉછેર મુંબઈની નાનકડી ચાલમાં થયો. સ્વભાવે શરમાળ અને આંતરમુખી દીપકભાઈએ જીવનની શરૂઆતમાં ખૂબ જ અવગણના સહી છે. પરંતુ બધી જ અવગણના અને અવરોધોને સહીને, પાર કરીને તેઓશ્રી આજે એક જાણીતા “Wealth Coach” છે. તેમની સખત મહેનત, આત્મનિર્ભરતા અને સતત કંઈક નવું શીખવાની ઇચ્છાએ તેમને આ મુકામ સુધી પહોંચાડ્યા છે.

જેમ કુશળ ધનવન્તરી દર્દીની નાડને પારખે છે, તેમ દીપકભાઈ વ્યક્તિની નાડને પારખે છે, તેના દુઃખનાં કારણોને શોધીને તેને દૂર કરવાના હાથવગા ઉપાયો પણ સૂચવે છે. પોતાના હૈયાનાં ખરલમાં વિષાદને ઘૂંટીને તેનું પ્રસાદમાં રૂપાંતર કરે છે. He converts cry into creation; કોઈને પુસ્તિકા તો કોઈને CD આપીને વ્યક્તિના સૂતેલાં અરમાન, સ્વપ્નોને જગાડીને તેમને દોડતા કરે છે.

દીપકભાઈ “ડીડીઝ રિયલ વેલ્થ મેક્ઝિમાઇઝર પ્રા. લિ.” નામની કંપની ચલાવે છે, જે વ્યક્તિનું વર્તમાન અને ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે કામ કરે છે. તેમની સાથે જોડાયેલા લોકોનું જીવન સુખી, સમૃદ્ધ, સ્વાવલંબી, સુગંધી અને સંવાદી બને એ માટે તેઓ સતત ચિંતન કરે છે. તે માટે હકારાત્મક-વિધાયક વિચારોનો વીંઝણો લઈને તેમના જીવનમાં પ્રકાશના પુંજ પાથરે છે.

મુંબઈના લોકપ્રિય અને લબ્ધપ્રતિષ્ઠિત મેનેજમેન્ટ ગુરુ શ્રી સંતોષ નાયરના દીપકભાઈ માનસ પુત્ર છે. તેમજ મેનેજમેન્ટ અને માઇન્ડ પાવરમાં માતબર પ્રદાન કરનાર ડૉ. જિતેન્દ્ર અઢિયાની સાથે તેઓ ટ્રેનિંગ આપે છે. પોતાની સફળતાનો યશ દીપકભાઈ ભગવાનની કૃપા, માતા-પિતા અને ગુરુઓના આશીર્વાદને આપે છે.

# કરોડપતિ બનવાના બે સચોટ રસ્તાઓ છે.

(૧) સોની ટી.વી. દ્વારા પ્રસારિત 'કોન બનેગા કરોડપતિ' કાર્યક્રમમાં એન્ટ્રી મેળવીને, અમિતાભ બચ્ચનની સામે હોટ-સીટ પર બેસીને તેમણે પૂછેલા બધા જ પ્રશ્નોના સાચા જવાબ આપો.

અથવા

(૨) ધનવાન લોકો જે સિદ્ધાંતો અને વૈજ્ઞાનિક રસ્તાઓ અપનાવીને કરોડપતિ બન્યા છે, તે રસ્તાઓને સમજો, શીખો અને અપનાવો.

# આ પુસ્તક શા માટે ?

અમારા બન્ને લેખકોમાં ઘણું બધું સામ્ય છે. એક તો એ કે અમે બન્ને ગુજરાતના એક સામાન્ય ગણાતા ગરીબ પરિવારમાં જન્મ્યા. આગળ વધવાની અને પૈસાદાર બનવાની અદમ્ય ઇચ્છા સાથે અમારા જીવનની શરૂઆત કરી. તે માટે અમે મુંબઈને કર્મભૂમિ બનાવી. બન્નેએ મુંબઈ યુનિવર્સિટીની ડિગ્રી મેળવી. સાથે-સાથે જીવન કેમ સરસ જિવાય તે પણ મુંબઈમાંથી જ જાણ્યું.

નસીબજોગે બન્નેને મુંબઈની જીવનયાત્રા દરમિયાન ખૂબ જ ધનવાન મિત્રો મળ્યા. તે મિત્રોના સંપર્ક અને સહવાસથી અમારામાં પણ ધનવાન બનવાની પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થઈ અને ધનવાન કેમ બનાય તેનું પાયાનું જ્ઞાન તેમની પાસેથી જ મેળવ્યું. ધનવાન બનવાના ફાયદા અને ગેરફાયદા પણ ખૂબ નજીકથી જોવા અને જાણવા મળ્યા.

બન્નેએ જીવનમાં એક વાત ખૂબ ધ્યાનમાં લીધી કે આપણે સવારે ઊઠીએ કે સાંજે સૂઈએ ત્યાં મોટા ભાગના કામ એવાં છે કે જે પૈસા વગર થતાં નથી. આધ્યાત્મિક સેવા કરવા માટે પણ પૈસાની જરૂર તો પડે જ છે.

તે પછી બન્નેએ પોતપોતાની રીતે ધનવાન બનવાની યાત્રા અને તપ શરૂ કર્યાં. તેના ભાગરૂપે ઘણાં પુસ્તકો વાંચ્યાં અને દેશ-વિદેશની કાર્યશિબિરોમાં ભાગ લીધો. અત્યારે ઈશ્વરની કૃપા અને અમારી ધગશ અને મહેનતથી અમે અમારી કલ્પના કરતાં પણ વધુ ધનવાન બની ગયા છીએ.

જીવનના એક તબક્કે વિશ્વશક્તિના આયોજનથી અમે બન્ને ગુરુ શિષ્યના રુપે મળ્યા અને મિત્ર બની ગયા. આ મિત્રતાની યાત્રામાં બન્ને ને એક વિચાર સ્ફૂર્યો કે આપણે ધનવાન બનવાના આપણા જ્ઞાન અને અનુભવોને પુસ્તક અને કાર્યશિબિર દ્વારા લોકો સુધી પહોંચાડવું જોઈએ.

લોકોની પણ અમારી પાસેથી આ વિષય જાણવાની અને સમજવાની ખૂબ માંગણી હતી તેના પરિપાક રૂપે આ પુસ્તકનું અને કાર્યશિબિરનું સર્જન થયું.

- લેખકો

# આ પુસ્તકનો ઉપયોગ કેવી રીતે કરશો ?

આ પુસ્તકને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. આ બધા વિભાગો અગત્યના છે. પહેલાં વાંચન વખતે તો તમારે આ પુસ્તકને વાર્તાની જેમ વાંચી જવું, જેથી તમે આ પુસ્તકથી પરિચિત થવાય. પછી બીજી વખત વાંચો ત્યારે ખૂબ ધ્યાનથી વાંચો અને સાથે કલર પેન લઈને બેસો અને પુસ્તકમાં જે પણ કંઈ તમને પસંદ પડે તેની નીચે અંડરલાઇન કરો.

પુસ્તકનો બીજો અને ત્રીજો ભાગ તમને ધનવાન બનવા માટે પ્રોત્સાહિત કરવા માટે લખાયેલો છે. ચોથા ભાગમાં ધનવાન બનવા માટેના વૈજ્ઞાનિક રીત અને પરિણામલક્ષી રસ્તાઓ બતાવેલા છે. તે રસ્તાઓ પર ચાલવાથી તમે ધન-સમૃદ્ધિમાં પ્રગતિ કરશો.

ધનવાન બનવાની પ્રક્રિયામાં કેવી રીતે સુખી થવાય તે બધી વાતો પાંચમા વિભાગમાં આપવામાં આવી છે. તે હાલ તો એક બે વખત વાંચજો પણ ધનવાન બનવાની પ્રગતિ દરમ્યાન સતત વાંચતા અને વાગોળતા રહેજો.

અંગ્રેજીમાં કહેવત છે કે "The best way to learn is to teach." એનો મતલબ કે ધનવાન બનવાની વિદ્યા જો તમારે સરસ રીતે શીખવી હોય તો તમે આ પુસ્તકમાંથી જે કાંઈ શીખો તે એવા લોકોને શીખવો કે જેને ધનની જરૂર છે પણ આ વિદ્યા જાણતા નથી. આમ કરવાથી તમે આ પુસ્તકના જ્ઞાનને ખૂબ સારી રીતે સમજી શકશો અને પચાવી શકશો.

# વિષયસૂચિ


I સૌપ્રથમ ....................................................................૧૩

(૧) સાચી સમજણ ..........................................................૧૫

(૨) ધનવાન કોણ બની શકે ? .............................................૧૭

(૩) ફૉર્બ્સની યાદી ..........................................................૧૮

(૪) ભારતના દસ ધનવાનોની યાદી (ફૉર્બ્સ મુજબ)........૨૦

II ધનવાનોને ઓળખો ......................................................૨૧

(૧) કાર્લોસ સ્લીમ હેલુ ......................................................૨૩

(૨) બિલ ગેટ્સ ................................................................૨૪

(૩) વૉરન બફેટ ..............................................................૨૫

(૪) લક્ષ્મી મિત્તલ..............................................................૨૭

(૫) ધીરુભાઈ અંબાણી ......................................................૨૮

(૬) નારાયણમૂર્તિ..............................................................૩૦

(૭) પ્રેમ ગણપતિ ..............................................................૩૧

(૮) સર્ગે બ્રીન અને લેરી પેઇજ ..........................................૩૩

(૯) કેરી પેકર..................................................................૩૫

(૧૦) સ્ટીવ જોબ્સ..............................................................૩૭

(૧૧) ટોમ મોનાહન ............................................................૩૯

(૧૨) તુલસી તંતી ..............................................................૪૧

(૧૩) દીપચંદ ગાર્ડી ............................................................૪૨

(૧૪) ગોવિંદભાઈ ધોળકિયા ..................................................૪૩

(૧૫) ગોવિંદભાઈ કાકડિયા ..................................................૪૪

(૧૬) ગૌતમ અદાણી ............................................................૪૫

(૧૭) કરસનભાઈ પટેલ........................................................૪૬

(૧૮) સુધીર રૂપારેલિયા ........................................ ૪૮
(૧૯) સુભાષચંદ્ર ગોયલ ........................................ ૪૯
(૨૦) સબીર ભાટિયા ........................................ ૫૦
(૨૧) રે ક્રોક ........................................ ૫૧
(૨૨) મૉર્ક ઝુકરબર્ગ ........................................ ૫૨
(૨૩) ડૉ. કિરણ મજુમદાર ........................................ ૫૪
(૨૪) અઝીમ પ્રેમજી ........................................ ૫૬

**III** ધનવાન બનવાનાં ફાયદા, લાયકાત,
સિદ્ધાંતો અને રહસ્યો ........................................ ૫૮
૧. લોકો કેમ ધનવાન નથી બનતા?. ........................................ ૬૦
૨. ધનવાન બનવાના ફાયદાઓ ........................................ ૭૦
૩. ધનવાન બનવાની લાયકાત ........................................ ૭૨
૪. મનનું પ્રોગ્રામિંગ ........................................ ૭૬
૫. ધનવાન બનવાના સિદ્ધાંતો ........................................ ૮૦

**IV** ધનવાન કેવી રીતે બનશો? ........................................ ૯૫
ધનવાન બનવા માટે આટલું કરો ........................................ ૯૭
કોરું વિઝનબોર્ડ ........................................ ૧૦૦
દીપકભાઈનું વિઝન બોર્ડ ........................................ ૧૦૧
ધનની પ્રાર્થના ........................................ ૧૦૫

**V** ધનવાન બનવાની મુસાફરીમાં ........................................ ૧૧૨
૧. બેલેન્સિંગ કરો ........................................ ૧૧૪
૨. ધન દ્વારા આધ્યાત્મિકતા ........................................ ૧૧૬
૩. સુખી થવા માટે ધનનો ઉપયોગ ........................................ ૧૧૯

# I

# સૌપ્રથમ

તમે ગરીબ ઘરમાં જન્મ્યા
તે તમારો વાંક નથી,
પણ તમે ગરીબ ઘરમાં મરો
તે તમારો વાંક છે.

# ૧. સાચી સમજણ

અમે જ્યારે ખૂબ નાના હતા ત્યારે ગરીબીમાં જીવન જીવતા હતા. દરેક કામમાં પૈસાની અછત નડતી હતી. મેળામાં ફરવા જતા, પણ રમકડાં લેવાના પૈસા ન હતા. સારી શાળામાં ભણવા માટે ફીના પૈસા પણ ન હતા. પૈસાના અભાવને કારણે નવાં પુસ્તકોને બદલે જૂનાં પુસ્તકો ખરીદીને કામ ચલાવતા. શાળાની કોઈ ટૂર જતી ત્યારે પણ પૈસાના અભાવને કારણે ટૂરમાં જવાનો વિચાર પણ ના કરી શકતા.

આ બધા અભાવમાં જ્યારે અમારું બાળપણ વીતી રહ્યું હતું. ત્યારે અમારા મનમાં પ્રશ્ન જરૂર થતો કે આપણે ગરીબ કેમ છીએ અને બીજા લોકો પૈસાવાળા કેમ છે ? બન્નેના કુટુંબ સંતોષી જીવવાળા અને ધાર્મિકવૃત્તિવાળાં હોવાને કારણે ઘરના વડીલો પાસેથી નસીબ અને ભગવાનની ઇચ્છા એવું કારણ મળતું પણ તે જવાબ સાંભળીને સંતોષ થતો ન હતો. તે સમયે તે બધું સહન કરી લીધું. પણ તે પ્રશ્નોના જવાબ મેળવવાની અદમ્ય ઇચ્છા થતી જ રહી.

અંદરની એ ઇચ્છાએ આ વિષયમાં ખૂબ ઊંડા ઊતરવાની પ્રેરણા આપી અને ગહન અભ્યાસથી તથા અનુભવોને કારણે ધનના અભાવના વૈજ્ઞાનિક કારણો મળતાં ગયાં. સાથે સાથે ધનવાન બનવાના રસ્તાઓ પણ મળતા ગયા. તે રસ્તે ચાલીને તથા વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવીને અમે બન્ને ધનવાન બની ગયા. એટલે સુધી કે ડૉ. જિતેન્દ્ર અઢિયાએ તેમના પુત્ર નિમિષને ધોરણ ૧૨મા પછી અમેરિકામાં પ્રાઇવેટ યુનિવર્સિટીમાં પી.એચ.ડી. સુધી ભણાવ્યો.

અમારી બન્નેની ગરીબીનાં કારણો જાણવાની અને ધનવાન બનવાના રસ્તા શીખવાની સફર ખૂબ જ લાંબી અને મહેનત ભરેલી હતી. તમે પણ કદાચ આ સમયે એવા કોઈ તબક્કામાંથી પસાર થઈ રહ્યા હશો. કદાચ તમારી ધીરજ પણ ખૂટી જતી હશે. પણ તમારે હવે ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે અમારી આ સફર દરમિયાન અમે જે પણ કાંઈ સમજ્યા અને શીખ્યા છીએ તેનો નિચોડ આ પુસ્તકમાં અમે આપ્યો છે. તે તમને

ધનવાન બનવાના રસ્તાઓની સમજણ આપશે અને તમે એ રસ્તાઓ અપનાવી ધનવાન બનવાની શરૂઆત કરી શકશો.

ધનવાન બનવા માટે તમારે ત્રણ વસ્તુ કરવાની છે:

(૧) ધનવાન બનવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન કરો.

(૨) આ પુસ્તકને વારંવાર વાંચો અને સમજો.

(૩) આ પુસ્તકમાં દર્શાવેલ નિયમો અને રસ્તાઓ પર સંપૂર્ણ વિશ્વાસ સાથે કામ શરૂ કરી દો.

# ૨. ધનવાન કોણ બની શકે ?

ધનવાન કોણ બની શકે? આ પ્રશ્નનો જવાબ મેળવવાની તાલાવેલી અમને બચપણથી જ લાગેલી. જ્ઞાની અને અનુભવી ઘણા લોકોને અમે જ્યારે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે દરેક પાસેથી જુદા-જુદા ઉત્તરો મળ્યા.

કોઈએ કહ્યું કે ખૂબ મહેનત કરવાથી પૈસા મળે. તો મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે તો પછી બધા મજૂરો ગરીબ કેમ છે?

કોઈએ કહ્યું કે ખૂબ ભણો તો પૈસાદાર થવાય. તો સામે પ્રશ્ન થયો કે તો ઘણા અભણ માણસો પણ ધનવાન કેવી રીતે બન્યા? કોઈએ કહ્યું કે અમુક ગ્રહોની અસર નીચે જન્મીએ, તો તે ગ્રહોની અસર તમને ધનવાન બનાવે. તો પછી નવો પ્રશ્ન થયો કે ધીરુભાઈ અંબાણી કે બિલ ગેટ્‌સ જે ગ્રહોની અસર નીચે જન્મેલા તે જ સમયે તે જ ગ્રહોની અસર નીચે જન્મેલાં બીજાં બાળકો કેમ ધનવાન ના બન્યાં?

કોઈએ કહ્યું કે ભગવાનની ખૂબ પૂજા પ્રાર્થના કરવાથી પૈસાવાળા થવાય, ખાસ કરીને લક્ષ્મીજીની. તો પછી એવો પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે મહાલક્ષ્મી મંદિરના બધા જ પૂજારીઓ કેમ ધનવાન નથી? અને ફૉર્બ્સ મેગેઝિનના લિસ્ટમાં જે ધનવાનોનાં નામ છે તેમણે લક્ષ્મીપૂજન કર્યું હતું કે નહિ ? કોઈએ કહ્યું કે ખૂબ પુણ્ય અને સારાં કામો કરવાથી ધનવાન બનાય. તો મનમાં પ્રશ્ન થયો બધા પાપીઓ અને ગુંડાઓ પાસે કેવી રીતે પૈસા આવ્યા? કોઈએ કહ્યું કે પૈસાવાળા બનવા માટે નસીબ જોઈએ તો તેમાંથી બીજો પ્રશ્ન ઉભો થયો કે આ નસીબ બનાવવું કેવી રીતે ?

આ બધા સવાલોના મૂંઝવણ ભરેલા જવાબોને કારણે અમને સ્પષ્ટ અને સંતોષકારક જવાબો મેળવવાની તાલાવેલી લાગી. ખૂબ જ મહેનત પછી ગરીબીનાં સાચા કારણો અને ધનવાન બનવાના સાચા રસ્તાઓ જાણવા મળ્યા. તે રસ્તે ચાલીને અમે ધનવાન બન્યા. તમારા મનમાં પણ આ બધા પ્રશ્નો ઉદ્‌ભવ્યા હશે અને તેના જવાબોને લઈને તમારા મનમાં મૂંઝવણ પણ થઇ હશે. તમને પણ સાચા અને સચોટ રસ્તાઓ જાણવાની ઇચ્છા તો હશે, તેને કારણે તમે આ પુસ્તક વાંચી રહ્યા છો. અમને ખાતરી છે કે આ પુસ્તક વાંચી લીધા પછી તમને બધા સંતોષકારક જવાબ મળી જશે અને ધનવાન બનવાની શરૂઆત તમે શરૂ કરી હશે.

# ૩. ફૉર્બ્સની યાદી

તમારામાંથી ઘણાને ખ્યાલ હશે કે અમેરિકાનું ફૉર્બ્સ મેગેઝિન ધનવાન લોકોની યાદી બહાર પાડે છે. તેમની વેબસાઇટ પ્રમાણે દુનિયાના સૌથી વધુ ૧૦ ધનવાન લોકોનું લિસ્ટ નીચે પ્રમાણે છે :

**માર્ચ ૨૦૧૧**

| | નામ | ઉંમર | ધંધો | દેશ | મિલકત ડૉલરમાં |
|---|---|---|---|---|---|
| ૧. | કાર્લોસ સ્લીમ હેલુ | ૭૨ | ટેલિકોમ | મેક્સિકો | ૭૪ અબજ ડૉલર (૩૭૦૦ અબજ રૂપિયા) |
| ૨. | બિલ ગેટ્સ | ૫૫ | કમ્પ્યૂટર | અમેરિકા | ૫૬ અબજ ડૉલર (૨૮૦૦ અબજ રૂપિયા) |
| ૩. | વૉરન બફેટ | ૮૮ | શેરબજાર | અમેરિકા | ૫૦ અબજ ડૉલર (૨૫૦૦ અબજ રૂપિયા) |
| ૪. | બર્નાડ અરનૉલ્ટ | ૬૨ | લક્ઝુરી ગુડઝ | ફ્રાંસ | (૪૧ અબજ ડૉલર) (૧૯૭૫ અબજ રૂપિયા) |
| ૫. | લેરી એરીસન | ૬૭ | સૉફ્ટવેર | અમેરિકા | (૩૯.૫ અબજ ડૉલર) (૧૯૭૫ અબજ રૂપિયા) |
| ૬. | લક્ષ્મી મિત્તલ | ૬૧ | સ્ટીલ | ભારત | (૩૧.૧ અબજ ડૉલર) (૧૫૫૫ અબજ રૂપિયા) |
| ૭. | અમાન્સીઓ ઓટેગા | ૭૫ | ફેશન ઇન્ડસ્ટ્રી | સ્પેન | (૩૧ અબજ ડૉલર) (૧૫૫૦ અબજ રૂપિયા |
| ૮. | ઇક બરીસ્તા | ૫૪ | માઇનિંગ ઇન્ડસ્ટ્રી | બ્રાઝિલ | (૩૦ અબજ ડૉલર) (૧૫૦૦ અબજ રૂપિયા) |
| ૯. | મૂકેશ અંબાણી | ૫૭ | રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ | ભારત | (૨૭ અબજ ડૉલર) (૧૩૫૦ અબજ રૂપિયા) |
| ૧૦. | ક્રીમી વૉલ્ટન | ૫૬ | વોલમાર્ટ | અમેરિકા | (૨૬.૫ અબજ ડૉલર) (૧૩૨૫ અબજ રૂપિયા) |

ફૉબ્સ મેગેઝિન અનુસાર દુનિયાના ૧૦૦ ધનવાનોની યાદીમાં ૬ ભારતીયોનાં નામ નીચે મુજબ છે :

| ક્રમ નં. | ધનવાનનું નામ | વિશ્વમાં ક્રમ |
|---|---|---|
| (૧) | લક્ષ્મી મિત્તલ | ૬ |
| (૨) | મૂકેશ અંબાણી | ૯ |
| (૩) | અઝીમ પ્રેમજી | ૩૬ |
| (૪) | સાવિત્રી જિંદાલ | ૫૬ |
| (૫) | ગૌતમ અદાણી | ૮૧ |
| (૬) | કુમાર બિરલા | ૯૭ |

આખી દુનિયા જેને ગરીબ દેશ ગણે છે, એવા ભારતદેશની ૬ વ્યક્તિઓ દુનિયાના સૌથી ૧૦૦ ધનિકોની યાદીમાં સામેલ છે. એ બતાવે છે કે માણસ ગરીબ દેશમાં રહીને પણ જો ઇચ્છે અને સાચી દિશામાં મહેનત કરે તો ધનવાન બની શકે છે. નવાઈ એ છે કે જેનો સૂરજ ક્યારેય આથમતો નહોતો તેવા બ્રિટનદેશની એક પણ વ્યક્તિ આ ૧૦૦ ધનવાનોની યાદીમાં સામેલ નથી.

જેઓ સ્વબળે ધનવાન બન્યા છે અને દુનિયાને ધનવાન બનવાના રસ્તાઓ શિખવાડ્યા છે તેવા ધનવાનોને ઓળખો અને તેમના જેવા બનવાનો દૃઢ નિર્ણય કરો.

---

**"રોજ સવારે ઊઠીને**
**ફોર્બ્સનું ધનવાનોનું લિસ્ટ ચકાસો.**
**જો તમારું નામ ત્યાં ના હોય તો**
**જલદીથી કામે લાગી જાઓ."**

---

# ૪. ભારતના દસ ધનવાનોની યાદી (ફોર્બ્સ મુજબ)

ફોર્બ્સ મેગેઝિનની યાદી પ્રમાણે ભારતના સૌથી વધુ દસ ધનવાનોની યાદી નીચે મુજબ છે.

**માર્ચ ૨૦૧૧**

| **ક્રમ** | **નામ** | **ઉંમર** | **ધંધો** | **શહેર** | **મિલકત ($ મિલિયનમાં)** |
|---|---|---|---|---|---|
| ૧. | મૂકેશ અંબાણી | ૫૪ | પેટ્રોલિયમ | મુંબઈ | ૨૨૬૦૦ |
| ૨. | લક્ષ્મી મિત્તલ | ૬૧ | સ્ટીલ | લંડન | ૧૯૨૦૦ |
| ૩. | અઝીમ પ્રેમજી | ૬૬ | કમ્પ્યૂટર હાર્ડવેર | બેંગ્લોર | ૧૩૦૦૦ |
| ૪. | શશી અને રવી રૂઇયા | ૬૨ | સ્ટીલ, પાવર શિપિંગ, ઓઈલ ગેસ | મુંબઈ/લંડન | ૧૦૨૦૦ |
| ૫. | શાવિત્રી જિંદાલ | ૬૧ | સ્ટીલ | હિસાર/દિલ્હી | ૯૫૦૦ |
| ૬. | સુનિલ મિત્તલ | ૫૪ | સ્ટીલ | દિલ્હી | ૮૮૦૦ |
| ૭. | ગૌતમ અદાણી | ૫૪ | પાવર, ઓઇલ ગેસ | અમદાવાદ | ૮૮૦૦ |
| ૮. | કુમાર બિરલા | ૪૪ | સિમેન્ટ | મુંબઈ | ૭૭૦૦ |
| ૯. | પલુનજી મિસ્ત્રી | ૮૨ | કન્સ્ટ્રક્શન | મુંબઈ | ૭૬૦૦ |
| ૧૦. | અદી ગોદરેજ | ૬૯ | એફએમસીજી રિયલ એસ્ટેટ | મુંબઈ | ૬૮૦૦ |